# મનનાં અગોચર ઊંડાણો: ભાગવત તેમજ ભગવદગીતાની દ્રષ્ટિએ

બકોત્રા મહેન્દ્ર એલ.
માણેકવડા પ્રા. શાળા

ભારતીય સંસ્કૃતિની આ વિશેષતા છે કે તેમણે વિશ્વ સાહિત્યને અણમોલ ભેટો આપી છે. અર્જુન જેવો મહારથી પ્રશ્ન કરે અને ગીતાનું સર્જન થાય જે વિશ્વને માટે માર્ગદર્શક બને તેમજ કૌંચ યુગલને શિકારી બાણ મારે અને વાલ્મિકીના મનમાં શાપ ઉદ્ભવે અને રામાયણની રચના થાય તે જ પ્રમાણે પરીક્ષિત જેવા રાજાના મનમાં કુમતિએ પ્રવેશ કર્યોને ભાગવતનું સર્જન થયું.

આનુવંશીક સંસ્કાર પ્રવાહ, કૃષ્ણ કૃપા, શિક્ષણ કર્તવ્યબુદ્ધિ અને નિષ્કલંક ચારિત્ર્ય પરીક્ષિતમાં હતું. જીવનને સંપૂર્ણ બનાવવા જે જે જોઈએ તે બધું જ પરીક્ષિતમાં હતું. પ્રકૃતિ અને સંસ્કૃતિએ એના પ્રત્યે જ ઔદાર્ય દાખવ્યું હતું તે જોતા તો તેનું આખુંય જીવન એક પણ સ્ખલન વર ઉત્તરોત્તર વધુ ને વધુ આધ્યાત્મિક તત્ત્વો પર આરોહણ કરતુ હતું. પૂર્ણાહુતિની વેળાએ જે પૂર્ણમાંથી પ્રગટ્યું હતું તે પૂર્ણ સાથે 'તદ્રુપ' થવું જોઈએ. આમ થવાને બદલે પોતાના જમાનાએ જેમને 'પરમ ભાગવત'નું બિરૂદ આપ્યું હતું એવા એ માનવમણિને હાથે એક નિરુપદ્રવી ઋષિને માટે ઉપદ્રવરૂપ બનવાનું પાતક સર્જાયું.

પરિક્ષિતનું આ સ્ખલન એ શું એક અકસ્માત હતો? અકસ્માત ! આમ શા માટે બન્યું ? મૃગ પાછળ દોડતા તેણે એક આશ્રમમાં ઋષિના ગળામાં મરેલો સાપ વીંટાળી દીધો. શું પરિક્ષિત આ કરી શકે ? આ પ્રશ્નનો કોઈ સંતોષકારક જવાબ આજ સુધી કોઈ આપી શક્યું નથી. આ ઘટનાને આપણે અકસ્માત કહીએ છીએ. પણ પ્રકૃતિ અને સત્યના તાણાવાણા વડે રચાયેલી આ સૃષ્ટિમાં અકસ્માતને સ્થાન હોઈ શકે ખરું ?

પરિક્ષિતના જીવનમાં આ સ્ખલન આવ્યું શી રીતે ? સાક્ષાત શ્રીકૃષ્ણના અંકમાં (ગોદમાં) ઉછરેલા પિતાનો પુત્ર, કૃષ્ણના પ્રિય સાથી, આ મિત્ર સ્વજન અને વ્હાલા શિષ્ય અર્જુન અને શ્રીકૃષ્ણની પ્રિય ભગીની સુભદ્રાના પરાક્રમી પુત્રનો પુત્ર, માતાનાં ઉદરમાં જ જેને સુદર્શન ચક્રનું જ્ઞાન પ્રાપ્ત થયું હતું તેવો મહાભાગધ્યેય આ રાજર્ષિ આવી ગંભીર ભૂલ કેમ કરી બેઠો ? એકાએક એની મતી ફરી કેમ ગઈ?

જેમ ગીતાનો ઉદ્ભવ અર્જુનના વિષાદને આભારી છે તેમ ભાગવતનો ઉદ્ભવ પરિક્ષિતના આ ગંભીર સ્ખલનને આભારી છે. પરંતુ અર્જુનનો વિષાદ સહેલાઈથી સમજી શકાય છે. છતા ભાગવતને સમજવા માટે આ સ્ખલનને સમજવું અનિવાર્ય છે.

ગીતાના બીજા અધ્યાયનો શ્લોક પરિક્ષિતનું આ સ્ખલન સમજવામાં આપણને મદદ કરશે.

"मात्र स्पर्शास्तु कौन्तेय शीतोष्णसुखदुः खदाः ।
आगमापायिनोडनित्या स्तांस्तितिक्षस्व भारत ॥"

(શ્રીમદ ભગવદગીતા - ૨ - ૧૪)

માણસ સાત્વિક સૃષ્ટિના તમામે તમામ સદગુણોની ખાણ ભલે હોય એની છેલ્લી કસોટી मात्रस्पर्शाः (ઈન્દ્રિયોના વિષયો સાથેના સંબંધો) છે.

આ ઈન્દ્રિય સંસ્પર્શો છે. બધુ અનુકૂળ ઉતરતું આવે ત્યાં સુધી શિક્ષણ, સંસ્કાર, શીલ બધુંય બરાબર છે. પણ પ્રતિકૂળતા ઉભી થાય ત્યારે ખબર પડે છે કે તે સો ટચનું સોનું છે કે પછી કથીરનો પણ થોડો ઘણો અંશ તેમાં છે. પરિક્ષિત મૃગની પાછળ દોડ્યો એટલે શું?

'મૃગ' શબ્દ ભાગવતકારે બહુ જ વિચાર પૂર્વક વાપર્યો છે. મૃગ કેવળ હરણનું નામ નથી. માનવીમાં દેવી અને પશુ બંનેના અંશો છે. પરિક્ષિત આ વખતે 'मृगानुगता' હતો. તેનામાં દેવ અંશ કરતાં પશુ અંશ આ સમયે વધારે બળવાન બન્યો હતો. તેને ભૂખ લાગી હતી તેને તરસ લાગી હતી, તેને થાક લાગ્યો હતો, પણ એ ભૂખ, તરસ અને થાક તેના ઉર્ધ્વગામી સાધનાને પરિણામે નહોતો લાગ્યો પણ પોતાની મૃગ અનુગતાને કારણે લાગ્યો હતા એટલે એ ભૂખ તરસ થાકનું આક્રમણ તેનાથી ખમાયું નહી. ભૂખ, તરસ, થાકે તેને વ્યથા પહોંચાડી અને અમરત્ત્વથી (દેવત્ત્વથી) તે ચ્યુત થયો અને ગુસ્સામાં આવી મરેલો સાપ ઋષિના ગળામાં નાખ્યો એ શું? શા માટે? કલ્પના દોડાવી એ માનવ મનમાં અગોચર ઊંડાણમાં થોડોક દષ્ટિપાત કરાવે છે.

રાજાને આ ઋષિમાં પોતાનું મૂળરૂપ દેખાયું હશે. પોતે કેટલો નીચો પડી ગયો છે. તેનું જ્ઞાન-અજ્ઞાનનું ભાન થયું હશે અને એ ભાનને પરિણામે કદાચ ભૂખ, તરસ અને થાકેલા તેના આત્મામાં સર્જેલી આંધી

વધુ ઉગ્ર બની હશે અને સંભવ છે કે તે અકળામણનાં પહેલા જ સપાટે પરાજિત થઈ ગયો તો હવે તું મરેલા સાપને જ લાયક છે તે પહેલી લે કંઠમાં ! આવો ઠપકો એ જાતે પોતાની જ જાતને આપી રહ્યો હોય એવાં સ્ફૂરણો એની અસંપ્રજ્ઞાત ચેતનામાં ઉઠયા હશે.

પરિક્ષતિનું આ સ્ખલન ક્ષણિક હતું. ઋષિ તેની નજર સામે જ હતા. ત્યાં સુધી જ એને એમના પર રોષ રહ્યો. રાજધાનીમાં આવતાંવેત તેને પોતાના એ વર્તન બદલ દુઃખ થયું, આજ બતાવી જાય છે. આપણે ઉપર જે પૃથક્કરણ કર્યું તે સાચું છે.

ક્ષુધા, તૃષા અને શ્રમ જેવા ઈન્દ્રિય સંસ્પર્શો એ તેને વ્યથા પહોંચાડી એ હકીકતનું દુઃખ શાંત અને સમાધિસ્થ ઋષિનાં દર્શનથી વધુ તીવ્ર બન્યું એનો અથે ઋષિ એને માટે પોતાના 'અસલ સ્વરૂપમાં' પ્રતિક થઈ પડ્યા.

પરિક્ષિતનાં પશ્ચાતાપ ભાગવતમાં નીચેના શબ્દોમાં વર્ણવ્યો છે. 'અરેરે અનપરાધી અને આંતર તેજવાળા બ્રાહ્મણ પ્રત્યે હું નીચ અનાર્યની પેઠે વર્ત્યો. આ પાપનાં પ્રક્ષાલન માટે કંઈક કરવું જોઈએ. મારા વડે પ્રકોપિત બ્રહ્મમુલકનો કોપાગ્નિ મારા રાજ્ય, લક્ષ્મી, સેનાદિનો નાશ કરો જેથી આવી કુબુદ્ધિ મને ફરી ન ઉપજે.'

પરિક્ષિતનો આ પસ્તાવો સ્વયંભૂ છે. અપમાનિત ઋષિનાં પુત્રે શાપ આપ્યો છે. એ વાત તોતે હજુ જાણતો પણ નથી. પોતાનું 'હું વર્તન તેને શાપ જેવું લાગે છે, માટે જ્યારે શાપ વિશે સાંભળે છે ત્યારે તેને આઘાત લાગતો નથી. તે રાજપાટ છોડી ગંગા તટે આવી મહર્ષિવૃન્દને પ્રણામ કરીને ભગવન્ત મહિમાનું ગાન સાંભળે છે. આજ સમયે સુકદેવજી ત્યાં આવે છે અને પછી જે પ્રશ્નો છે તેનો જવાબ ભાગવતમાં છે.

આમ માનવ મનનાં ઊંડાણને પામવાનો જાણવાનો એક સરસ પ્રયત્ન અહીં આપણને જણાય છે. ગહનતત્ત્વ તરીકે આપણે તેને સ્વીકારવું જ પડે છે આ છે માનવમનની ઊંડાઈ.